સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

પદ-પક્ષ જોઈને છોરૂંય 'ચૂકાદો' કહી શકે!!
વર્ષો પછી પીગળી જાય પૂરાવા 'ન્યાય' જોઈ શકે!
નકરૂં હોય છે પરિણામ નક્કી ન્યાય પ્રણાલીમાં -
સત્તાની શક્તિ જોઈને બકરૂં ય ન્યાય કરી શકે!

હાઈકુ

આરોપ મુક્તિ !
'રાષ્ટ્રપતિ' પદની -
જાણે નિયુક્તિ....
(અડવાણીજીને આનંદ)

ન ષડયંત્ર !
ન 'રથયાત્રા' હતી !
રામની માયા !
('કલ્યાણ'કારી ચૂકાદો)

ચિંતન

કૃપણેન સમો યાતા, ન ભૂતો ન ભવિષ્યતિ ।
અસ્પૃશ્નપિ કણમેક્મ, અન્યાય પરિયચ્છતિ ॥

ઉપરોક્ત શ્લોક ભર્તૃહરિ શતકમાંથી લેવામાં આવેલ છે.

કૃપણ અને કંજૂસ સમો કોઈ દાતા, ભૂતકાળમાં થયો નથી અને ભવિષ્યમાં પણ થનાર નથી. (કારણ, પોતાના ચુસ્ત અને કંજૂસ) સ્વભાવને મુજબ કંજૂસ પોતાની પાસેના ધન-સમૃદ્ધિના એક કણને સ્પર્શ્યા (ઉપયોગ કર્યા) વિના જ, તે બધું જ બીજાઓના ઉપયોગ માટે છોડી જાય છે.

અન્ય એક સુભાષિતમાં લક્ષ્મીની ત્રણ ગતિ કહેવામાં ઓઆવી છે. દાન-ભોગ અને નાશ - લક્ષ્મીનો સદુપયોગ તેનો યથેચ્છ માર્ગે દાન - લોકકલ્યાણ, પરમાર્થ - સેવા, ધર્મ વગેરેમાં સદ્ઉપયોગ થયો કહેવાય.

બીજો ઉપયોગ ભોગ-વિલાસમાં ખર્ચ થાય તે. પરંતુ દાન-ધર્મ કે સુવિધામાં પણ નહીં ખર્ચી, બીજાને માટે બચત કરી ભંડારો ભરી જવા કૃપણ જિંદગી આખી લોભ કરી બીજાને માટે છોડી જાય છે. અહી વક્રોક્તિમાં કંજૂસને શ્રેષ્ઠ દાતા કહ્યો છે.

સુવિચાર

- ઈજ્જત કે રિશ્તે... મહોબ્બત કે રિશ્તોં સે બઢકર હોતેં હૈ... - **અફઝલ વ્યાકુલ**
- જિંદગી એટલે ભૂતકાળની ચમચીમાં... ભવિષ્યનું લીંબુ લઈને... વર્તમાનમાં દોડવું... - **ઈશિતા**
- પર્સનાલિટી કપડાની નહીં પણ વિચારોની પાડો,
  દુનિયા 'લાઈક' નહીં તમને 'ફોલો' કરશે - **એસ. ભટ્ટાચાર્ય**
- થોડું ધ્યાન રાખજો આગ લગાડવામાં,
  જો હવાએ દિશા બદલી તો તમે પણ રાખ થઈ જશો - **અખંડ આનંદ**
- સંબંધ તો ફક્ત લાગણીઓની લેણદેણ છે સાહેબ,
  બાકી વસ્તુઓ સહિત લેણદેણ તો વ્યાપાર કહેવાય છે - **શાહબુદ્દિન રાઠોડ**
- ભલેને અટપટા એક સો દાખલા છે સંબંધોમાં,
  પણ અહંમને બાદ કરો તો જવાબ સહેલા જ છે - **બોધિ વૃક્ષ**
- આજનું ઔષધ : જીવજંતુ કરડે ત્યારે આવતી ખંજવાળ પર ખાવાના સોડાની પેસ્ટ લગાડવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અનાથ નિકલ્સનને ભૂક અને ગરીબી સામે લડવા એક હોટલના માલિકે દયા ખાઈને તેને બેલ-બોયની નોકરી લીધી. પગાર પણ સાવ નામ પૂરતો... નિકલ્સનને છૂટકો ન હતો. તેને ઘણીવાર મુસાફરોની તોછડાઈ અને અપશબ્દો સહન કરવા પડતા હતા. એક વાર પ્રવાસીનું પાકીટ ખોવાઈ ગયું અને નિકલ્સન પર આરોપ આવ્યો. મેનેજરે પોલીસ બોલાવી પણ તે પહેલા પ્રવાસીને પાકીટ મળી ગયું. એને નિકલ્સનને સોરી પણ કહ્યું પણ હોટલના મેનેજરે નિકલ્સનને નોકરીમાંથી કાઢી મૂક્યો. પ્રામાણિક નિકલ્સનને ખૂબ દુ:ખ થયું. બે દિવસ પછી એણે નક્કી કર્યું કે પોતાની માતા ટાઈ, હાથરુમાલ, ટુવાલ, રસોડાના એપ્રન કોટ વગેરે વેચતા હતા તે લઈને વેચવા નીકળવું. નિકલ્સન સાઈકલ લઈને આજુબાજુનાં વિસ્તારોમાં વેચાણ માટે જતો. એણે. સાથે સાથે પીપરની ગોળી રાખવાનું શરૂ કર્યું. જે કોઈ એની પાસેથી ખરીદી કરે તેને તે બાળકો માટે પીપર આપતો. થોડા જ વખતમાં બેલ-બોય કરતાં ડબલ કમાણી કરવા લાગ્યો. સમય જતાં તે તૈયાર વસ્ત્રો બનાવટી મોટી કંપનીનો કમિશન એજન્ટ બન્યો. એણે લગ્ન કર્યાં. અને તેની પત્નીએ તેને પોતાના માણસો રાખીને સિલાઈ મશીન અને કટિંગનો નિષ્ણાંત નોકરી રાખીને યુવાનોને ગમતાં હોય એવા નવા નવા રંગોના નવી ડિઝાઈનના વસ્ત્રો તૈયાર કરવાનો આઈડિયા આપ્યો. આ આઈડિયા ખરેખર સફળ થયો. થોડા જ વર્ષોમાં વિશાળ જગ્યા લઈ તેણે મોટી કંપની ઊભી કરી અને અમેરિકામાં સૌથી મોટો તૈયાર વસ્ત્રોનો વેપારી બન્યો.

બિહારમાં રાષ્ટ્રીય પક્ષો વિમાસણમાં...

તંત્રીસ્થાનેથી...

નાના પ્રાદેશિક પક્ષો માટે શક્તિશાળી પ્રાદેશિક પાર્ટી હંમેશા નડતરરૂપ બની રહેતી હોય છે. બિહારની વિધાનસભાની ચૂંટણી ટાણે લોકજનશક્તિ પાર્ટીએ બરાબર ગ્રહણ ટાણે જ સાપ કાઢ્યો છે. પાર્ટીના સંસ્થાપક અને આજીવન કેન્દ્રીય મંત્રીપદનું વરદાન લઈને જન્મ્યા હોય એવા રામવિલાસ પાસવાનનું વજૂદ છેલ્લા વર્ષો દરમિયાન સતત ઘટતું રહ્યું છે. પોતે દેશના દલિતોના મસીહા તરીકેની ઈમેજ ઊભી કરવા મથતા રહ્યા પરંતુ એમના હોમ સ્ટેટમાં જ મતદારોએ એમને હાંસિયે ધકેલવા માંડ્યા ત્યારે ચતુરાઈપૂર્વક એમને હિંદુત્વ અને દલિત કાર્ડનું સંયોજન કરી ટકી રહેવાનો વિકલ્પ સ્વીકાર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રચંડ ઈમેજ હેઠળ પોતાનું પ્રધાનપદું સચવાઈ રહે અને રાજકીય વારસ એવા 'સુપુત્ર' ચિરાગ પાસવાનની રાજકીય કારકિર્દીને ઊની આંચ ન આવે એવી કુનેહથી એક સમયના આ ભાજપ વિરોધી નેતાએ મૌન ધારણ કરી લીધું છે. પરંતુ પુત્ર ચિરાગ પાસવાનની રાજકીય મહત્ત્વાકાંક્ષા તો જદ(યુ) ના વિકલ્પ તરીકે ઊપસી બિહારમાં ભાજપ સાથે મળી સરકાર રચવાની છે. એમને શરૂથી જ નીતીશકુમારના નેતૃત્વ હેઠળ ગઠબંધનનો હિસ્સો નહીં બનવાની જાહેરાત કરી દીધી હતી. એમના ગજા બહારની બેઠકો ભાજપના હાઈકમાંડે આપવાની ના પાડી દીધી તે પછી એમને ગઠબંધનમાંથી નીકળી જઈ જદ(યુ)ના દરેક ઉમેદવાર વિરુદ્ધ પોતાની પાર્ટીનો ઉમેદવાર મૂકવાની કૂટનીતિ અપનાવી છે. ભાજપના નેતૃત્વ હેઠળ ગઠબંધન સાધીને રહેવામાં એમને વાંધો નથી, પરંતુ બિહારમાં નીતીશકુમારના નેતૃત્વ હેઠળ ચૂંટણી લડવાનો ભાજપ હાઈકમાંડનો નિર્ણય એમને માન્ય નથી. તેઓ વારંવાર નિવદનો કરી ચૂક્ય છે કે લોજપા બિહારનું સુકાન નીતીશ નહીં પણ ભાજપના હસ્તક રહેવું જોઈએ. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એમના સિનિયર સાથીઓ જાણે છે કે બિહારમાં નીતીશકુમાર સાથે ગઠબંધન કર્યા વગર અને એમને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે સ્વીકાર્યા વગર ભાજપનું ગાડું ગબડે એમ નથી. ભાજપ પાસે માત્ર ભૂમિહારો, બ્રાહ્મણો અને થોડાક ક્ષત્રિય સમાજના વોટ છે, જયારે જ્ઞાતિવાદી સમીકરણ માંડવા જતાં પછાત વર્ગો, ખેડૂતો અને મુસલમાનોનો ટેકો મેળવવા માટે નીતીશકુમાર જ હુકમનો એક્કો નીવડે એમ છે. આથી ભાજપ વિસ્તારવાદી રાજકીય પાર્ટી હોવા છતાં બિહારમાં યા હોમ કરીને કૂદી પડવાનું સાહસ કરી શકે એમ નથી. નીતીશકુમારે એમના નેતૃત્વને પડકારનાર લોજપા સાથેના ગઠબંધનને નકારતાં ભાજપ હાઈકમાંડે લોજપાને કોરાણે મૂકી દઈ જદ(યુ) સાથે અડધોઅડધ બેઠકો વહેંચી લીધી છે. જીતનરામ માંઝી મહાદલિત સમાજના નેતા છે. નીતીશકુમારે એમના માટે પાંચ બેઠકો અનામત રાખી છે. બિહારનાં જાતિવાદી સમીકરણોમાં કોંગ્રેસને પણ ટકી રહેવા માટે લાલુ યાદવના યુવાન રાજકીય વારસદારને બિહારના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે સ્વીકારવા પડ્યા છે અને એમની કૃપા પર સિત્તેર જેટલી બેઠકોથી સંતોષ માની લેવો પડ્યો છે. આ એ બિહાર છે જેણે શ્રીકૃષ્ણ સિંહ જેવા ધુરંધર કોંગ્રેસી મુખ્યમંત્રી આપ્યા હતા, જેને જગજીવન રામ જેવા રાષ્ટ્રીય નેતા આપ્યા હતા અને ડૉ. રાજેન્દ્ર પ્રસાદ જેવા પ્રથમ રાષ્ટ્રપતિ આપ્યા હતા. કોંગ્રેસ હિંદી બેલ્ટનાં ઉત્તરપ્રદેશ અને બિહાર જેવાં મોટાં રાજયોમાં ભારે દબદબો ધરાવતી પાર્ટી હતી તે અત્યારે હાંસિયે મુકાઈ ગઈ છે અને આખા દેશમાં તથા ઉત્તરપ્રદેશમાં પણ ડંકો વગાડનાર ભાજપને પ્રાદેશિક પાર્ટીના પાલવ તળે ચૂંટણી લડવી પડે છે, સમય બહુત બલવાન !

મહાનાયક અભિનયના અજવાળા પાથરતા રહે એવી શુભકામનાઓ

અજવાળું - અજવાળું
તુષાર જોશી

આ વ્યક્તિત્વ - આ કલાકાર આજે ૭૮ વર્ષની ઊંમરે પણ અનેક શારીરિક મર્યાદાઓ સાથે રોજ ૧૫ કલાક કામ કરે છે. એકાવન વર્ષની એમની ફિલ્મ કારકિર્દીમાં છ જનરેશનની હીરોઈનો સાથે ફિલ્મોમાં રોલ કર્યા છે. અંગદાન માટેનો સંકલ્પ તેમણે હમણાં જ લીધો છે. હિન્દી સિનેમા માટે તેમની પહેલી સફળ ફિલ્મ ઝંઝીર ટર્નિંગ પોઈંટ્ બની રહી છે.

હિન્દી સિનેમાને એન્ગ્રી યંગમેન હીરોની ભેટ આપનાર એ કલાકાર એટલે અમિતાભ બચ્ચન, જેમનો તા. ૧૧ ઓક્ટોબરે જન્મદિવસ છે. અમિતાભ બચ્ચન... એક વ્યક્તિ માત્ર નહીં, બલકે, એક સંસ્થા છે. ગુજરાતના સંદર્ભે વાત કરીએ તો ગુજરાત ટુરિઝન માટે 'કુછ દિન તો ગુજારો ગુજરાત મેં' પંક્તિ સાથે તેઓ ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર રહી ચૂક્યા છે. જન્મ થયો ૧૧ ઓક્ટોબર ૧૯૪૨ અલ્હાબાદમાં... પારિવારિક મિત્ર અમરનાથ ઝાએ ઈન્કીલાબ એવું નામ આપ્યું હતું, પછીથી એમના ઘરના પડોશી અને કવિ સુમિત્રાનંદન પંતે આપેલું અમિતાભ નામ રખાયું. કોલકાત્તામાં એમને શીપીંગ કંપનીમાં નોકરી પણ કરી છે, એ દરમિયાન થિયેટર અને ફિલ્મના આકર્ષણને કારણે મુંબઈ આવ્યા... અમિતાભના ભાઈ અજીતાભને એમાં સિંહફાળો કે એમણે જ મુંબઈ મોકલ્યા... ખ્વાજા અહેમદ અબ્બાસની ફિલ્મ સાત હિંદુસ્તાનીમાં પ્રથમ વાર ૧૯૬૯મા એક્ટીંગ કરી.... એટલે કે અભિનય ક્ષેત્રે ૫૧ વર્ષ પૂર્ણ કર્યા...

મુંબઈમાં તીવ્ર સંઘર્ષ કર્યો... અભિનેતા મહેમૂદે એમને ખાસ્સો સપોર્ટ કર્યો.... અને ચાર વર્ષમાં ૧૦-૧૨ નિષ્ફળ ફિલ્મો આપ્યા બાદ ૧૯૭૩માં ફિલ્મ ઝંઝીરથી એમનો સિતારો ચમક્યો... દર્શકોએ ભારતીય સિનેમાનો એક નવો હીરો મળ્યો... એન્ગ્રી યંત્રમેન... તરીકે અનેક સફળ ફિલ્મો આપનાર અમિતાભ બચ્ચને ફિલ્મના મુખ્ય હીરો તરીકે કોમેડી સીન પણ એટલી જ પ્રખરતાથી ભજવ્યા... અને કોમર્શિયલ ફિલ્મોથી હટકે એળી કલાસીક ફિલ્મોની વાત કરીએ તો રેશમા ઔર શેરાથી લઈને છેક તીન અને વઝીર સુધીની અનેક ફિલ્મો મળે જેમાં પાત્રોનું અપરંપાર વૈવિધ્ય અમિતાભે નિભાવ્યું... એક એવોર્ડ કાર્યક્રમમાં યશ ચોપરાએ અમિતાભને એવોર્ડ આપતા કહ્યું હતું કે હિન્દી સિનેમાનો આ એવો અભિનેતા છે, જે બીયોન્ડ સ્ક્રીપ્ટ અને બીયોન્ડ ડાયરેકટર જઈને કમિટમેન્ટ - ટોટલ ફોકસીંગ અને ડેડીકેશનથી કામ કરે છે.

અક્ષય કુમારે એક આવા જ અવોર્ડ વિતરણ કાર્યક્રમમાં અમિતાભની કલાપ્રતિભા અને વ્યક્તિત્વની વાત કરીને કહ્યું હતું કે 'યુ આર ધ ફાદર ઓફ અવર ઈન્ડસ્ટ્રી...'

કોઈએ સરસ કહ્યું છે કે અમિતાભ બચ્ચન છે એટલે હાસ્ય કલાકારો વિના પણ ઉત્તમ કોમેડી મળે છે, અમિતાભ બચ્ચન છે એટલે આજ રબટ કે જુમ્મા ચુમ્મા જેવા ગીતો પણ અશ્લીલતા વિના રજૂ થાય છે, અમિતાભ બચ્ચન છે એટલે ખબર પડે છે કે રાજનીતિ બધા માટે નથી હોતી અને અમિતાભ બચ્ચન છે એટલે હોલીવુડના એકટરો સામે હિન્દી સિનેનામાં પાંચ દાયકાની કારકિર્દી ધરાવતા કલાકારનું નામ લઈ શકાય છે.

ભાષા પરનો એમનો કમાંડ પણ અદ્ભૂત... આત્મીયતા, ઔદાર્ય, સૌહાર્દ અને શિસ્ત, ગૌરવ ને ગરિમા, શ્રોતા-દર્શકને તુરત સ્પર્શે... હિન્દી સીનેમાના સર્વોચ્ચ એવા દાદા સાહેબ ફાળકે એવોર્ડ સ્વીકારીને એમણે કહ્યું હતું કે મારે હજી વધુ સારું કામ કરવું છે.

જાવેદ અખ્તરે એમના માટે કહ્યું છે, 'અમિતાભ બચ્ચન રોજ રોજ નહિં પૈદા હોતે' અનેક ઈન્ટરવ્યુમાં અવોર્ડ સમારોહમાં અમિતાભ કહી ચૂક્યા છે કે આ બધું જે કાંઈ છે તે માતાપિતાના આશીર્વાદ - ઈશ્વરની કૃપા અને દર્શકોના પ્રેમને કારણે છે.

અમિતાભ બચ્ચન અભિનેતા તરીકે તો લોકહૃદયમાં સ્થાન પામ્યા જ, તેઓએ ફિલ્મોમાં ગીતો ગાઈને પણ ઉત્તમ પ્રદાન કર્યું છે.

કોઈ ચિંતકના જેવી ગહન ગંભીર આંખો, સાગરના ઘુઘવાટ જેવો અવાજ અને પોતાના કામ પ્રત્યેની નિષ્ઠાને કારણે ૧૯૬૯માં રજૂ થયેલી એમની પ્રથમ ફિલ્મ સાત હિન્દુસ્તાનીથી આજ સુધી ઉત્તમ અદાકાર અને સદીના મહાનાયક, લીવીંગ લીજેન્ડ તરીકે ઓળખાયા છે, લોકહૃદયમાં સ્થાન પામ્યા છે. એકાવન વર્ષની એમની કારકિર્દી હજી વધુ આગળ વધતી રહે, એમને પરમાત્મા દીર્ઘ અને સ્વસ્થ આયુષ્ય આપે અને તેઓ અભિનયના અજવાળા પાથરતા રહે એવી શુભકામનાઓ.

રાવણના તો દસ મોઢા હતા આપણા હજાર છે

વિચારયાત્રા
ડો. જય ઓઝા

ચહેરો હસતો રાખ્યાનો મને લાગ્યો છે થાક
કે થાક હજી ઉતર્યો નથી,
ચહેરો હસતો રાખ્યો છે એમાં કોનો છે વાંક
કે વાંક હજી જડતો નથી.

ઓફિસમાં કોલેજમાં, બજાર, સ્કૂલમાં ક્લિનીકમાં, બધા માણસો ગંભીરપણે કામ કરતા હોય. આપણે જે હોઈએ છીએ તેનાથી કંઈક વિશેષ દેખાવાના પ્રયત્નમાં અથવા શિષ્ટાચાર સાચવવાના દંભમાં આપણો અસલ ચહેરો જ આપણે ક્યાંક મૂકી આવ્યા છીએ. સમયની માંગ પ્રમાણે, જમાનાની આવકતા પ્રમાણે, લોકોની અપેક્ષા પ્રમાણે આપણએ ચહેરા પર મહોરા લગાવતા ફરીએ છીએ.

નાના હતા ત્યારે મેળામાં જઈને 'વાઘનું', 'ભૂતનું' અને બીજા ચિત્ર-વિચત્ર 'માસ્ક' મળતા તે લેતા અને એ પહેરીને એકબીજાને ડરાવતા. ધીરે ધીરે મોટા થતા ગયા તેમ-તેમ એવા કોઈ પ્રત્યક્ષ -શૂળ 'મહોરા'ઓ લીધા વગર પરોક્ષ રૂપે આપણા ચહેરા પર બીજા મહોરાઓ પહેરવામાં આપણે 'એક્કાહ્ર બની ગયા છીએ.

ઓફિસમાં બોસ સાથે અને બીજા કર્મચારીઓ સાથે અમુક પ્રકારનું વર્તન કરવાનું, સામેવાળાને ગમે તેવો વ્યવહાર કરવાનો, બીજા બધા આગળ 'અતડા' ન લાગીએ એટલે ઘણીવાર મૂલતઃ શાંત સ્વભાવનો વ્યક્તિ પણ ઓફિસમાં ઠહ્રામશ્કરી કરતાં હોય છે.

તો વળી રમતિયાળ સ્વભાવ વાળા કેરેક્ટરને તમે ગંભીરતાનું માસ્ક પહેરેલો જો શો. આ જ દુનિયા છે આ જ દુનિયાની રીત છે.આમ જ રહેવું પડે નહીંતર તમે 'મૂડી' અને 'મૂજી' આવા બધા વિશેષણોથી ઓળખાવા લાગો, જરૂરી છે ઘરમાં, ઓફિસમાં, કોઈ ફંકશનમાં અલગ-અલગ વર્તન કરવું આવશ્યક છે. પણ મુશ્કેલી ત્યાં છે જયારે આટલા બધા મહોરાઓ પછી બધાની પાછળ રહેલો આપણો સાચો ચહેર ખોવાઈ જાય છે અને આથી માણસ રઘવાયો બનીને ફરવા લાગે છે, હસવાનું ભૂલી જાય છે.

રીલીફ-રોડ થઈ લાલદરવાજા ચાલતા ચાલતા જઈ રહ્યો હતો, દરેક વ્યક્તિ દોડમાં હતી. દરેકના ચહેરા પર અનેક સાચા-ખોટા, દંભી, કપટી, ભાવો રમતા હતા. એક લક્ષ્ય વગરની દોડ હતી વેપારી સાથે ચડ-ભડ કરતા ગ્રાહકો. ગ્રાહકોને બાટલીમાં ઉતારવાનો આયાસ કરતા વેપારીઓ, 'પાઉચ-પાઉચહ્ર ની બૂમો મારતા છોકરા. ૧૦ રૂપિયાની વસ્તુ લારીમાં વેચતા ફેરિયાઓ. સ્કૂટર પર જતા જતા મોબાઈલ પર વાતો કરતા સ્કૂટર ચાલકો. શું આ બધા આવા જ હશે જેવા છે ? જેવા દેખાય છે ? આખો દિવસ ગ્રાહકો સાથે માથાકૂટ કરતો વેપારી પણ ક્યારેક ગ્રાહક બનતો હશે ત્યારે રોલની અદલા-બદલી થશે પણ મૂળ વ્યક્તિ ક્યાં છે ?

ઘણા વળી સામે ચાલીને 'ઈગો'નું મ્હોરું પહેરીને ! 'I am Something' ના લેબલવાળા અલગ જ તોરમાં ફરતા દેખાય છે.

આ અકથ્ય મૂંઝવણમાંથી નીકળવું હોય તો 'મહોરાં' કાઢવાની વિશેષ જરૂર છે. અને મહોરાં ઉતારવા માટે જરૂરી છે અંગત મિત્રો બનાવવાની આવડત, અને વળી તે મિત્રો આગળ સાચો ચહેરો લઈને જવાની હિંમત, આપણામાંના બાળકને જીવંત રાખવાની કળા અને હસવા અને હસાવવાની આવડત,

દરેક માણસને પોતાના જીવનમાં બે-ચાર અંગત મિત્રો હોવા જોઈએ. એવા મિત્રો જેમની સાથે બધી વાતો થઈ શકે. જયાં પોતાનો 'અહમ' બતાવવાની જરૂર ન પડે. કેટલાંક દુઃખો માત્ર બોલી દેવાથી, હળવા-ફુલ થઈ જવાય છે અને આ કહી દેવાની કળા માત્ર અંગત મિત્રો આગળ જ પ્રગટ કરી શકાય બધે કહેતા ફરીએ તો મુરખામાં ખપીએ.

આજના સમયમાં મિત્રતા સ્વાર્થના તંતુ પર રચાયેલી હોય છે. સ્વાર્થ સર્યો કે મિત્રતા ઓસરી, આવું જોવા મળે છે. પણ મિત્રતાનો પાયો છે નિઃસ્વાર્થ ભાવના તમારા બે-ત્રણ મિત્રો એવા હોવા જોઈએ કે જેમની સાથે તમે ચિંતા, દુઃખ વહેંચી, શકો, ચર્ચા શકો. નિખાલસતાથી તેમની સાથે હસી શકો. નિર્દોષ મસ્તી કરી શકો. વધારે પડતા વ્યવહારુ બનવાની દોડમાં જ આપણે આપણી નિખાલસતા અને નિર્દોષતાને મારી નાખી છે.

માણસ જેમ મોટો બને તેમ એને 'તમે' અને આપ' કહેનારા બહુ મળે છે. પણ 'તું' કહેનારા ઓછા મળે છે. 'તું' કહીને સ્પષ્ટ રીતે સાચી વાત કહેનારા નિઃસ્વાર્થી મિત્રો જ પ્રફુલ્લતા આપી શકે, ઘણા વ્યક્તિ એવા હોય છે જેના ચહેરા પર ગંભીરતા, ચિંતા એને આપખુદશાહી જ લટકતી હોય છે. હળવાશ,નિખાલતા તો જોજનો દૂર હોય છે, આપણામાંના બાળપણને જીવનભર એક ખૂણામાં જીવંત રાખવાનું હોય છે. અને સમયે સમયે એ ખૂણાની મુલાકાત લેતા રહેવાની હોય, છે. પણ આપણે જ આપણા બાળપણની હત્યા કરી નાખીએ છીએ. શ્રી સુરેશ જોષીની એક લાઇન અત્યારે યાદ આવે છે. ' 'શૈશવને જો ક્યાંક સંતાડી નહીં દઈએ તો શાણપણ એને વટાવી ખારો.'' અને છેલ્લે પોતાની જાત પર હસતા આવડવું જોઈએ. બીજાની મશ્કરી કરીને હસીએ ત્યારે સાથે સાથે પોતાની મશ્કરી થતી) હોય ત્યારે પણ એટલા જ સ્પિરીટ સાથે હસવું જરૂરી છે કે જેથી કરીને સવારે લાફિંગ ક્લબમાં પરાણે હસવા ન જવું પડે.'

તમારો ચહેરો એ જ તમારુ વ્યક્તિત્વ છે. રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે- 'આપણો ચહેરો એ ઉપરવાળાએ પૃથ્વી માટે આપેલું ઓળખપત્ર છે.' આ ઓળખપત્ર ચીમળાંઇ ન જાય, અથવા ફાટી ન જાય, એની તકેદારી આપણા હાથમાં છે, આખા દિવસના અંતે જ્યારે આપણે આપણી મુલાકાત લઈએ છીએ ત્યારે પણ એટલીસ્ટ બધા મહોરા ઉતારી વાસ્તવિક - ચહેરા સાથે બે ઘડી ગૂફતેગૂ કરીએ તો પણ બસ છે.

હે રામ ! તારા યુગનો રાવણ તો
બહુ સારો હતો...
ભલે દસ ચહેરા હતા... પણ બધા
બહાર જ હતા... અંદર એક પણ નહીં...

- jayuoza@gmail.com,
Mo.9898046488

'રવિવાર' એટલે ઊર્જાથી ઠસોઠસ ભરેલો 'રાજા' દિવસ

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

૭૦ના દશકમાં વર્લ્ડ ફેમસ Bony-M બેન્ડનુ એક સુરીલુ ગીત હતુ, 'હુર્રે હુર્રે ઈટ્સ હોલી હોલી ડે...' એ જમાનામાં આ ગીત ખસ્સુ લોકપ્રિય થયેલું. રજા શબ્દ કાને અથડાતા કોઈપણ વ્યક્તિના ચહેરા ઉપર સ્વાભાવિક રીતે ખુશી તરવરી ઊઠે છે. અને આ ખુશી થાય એ વાજબી પણ છે. ભાગંભાગથી ભરેલી જિંદગીમાં રજા રાજા જેવો અહેસાસ કરાવે છે. યાદ છે, બાળપણમાં નિશાળેથી ઘરે જવાનો ઘંટ પડે એટલે શાળાથી છૂટવાનો અઢળક આનંદ કેટલો સુખદ લાગતો ! તહેવારોની રજાઓ કે સામાજિક કામ માટે રજાઓ ઉપરાંત એક રજા એવી રજા છે કે, જે કોઈપણ કારણ વગર આવે છે. આ રજા એટલે રવિવારની રજા. રવિવારની નાના મોટા દરેક બેસબરીથી રાહ જોતા હોય છે. રોજબરોજની દોડધામ અને એકધારી જિંદગીમાં રવિવારનો દિવસ નવી ઊર્જા મેળવવાનો સ્રોત છે. રવિવારે જ કેમ રજા હોય છે ? કોણે આ નક્કી કર્યું હશે ? કેમ અઠવાડિયામાં આ એક દિવસ રજા હોય છે ? આ બાબત વિશે ક્યારેય વિચાર્યું છે ખરું ?

ભારત વર્ષમાં રવિવારની રજાના દિવસનો અદભૂત ઈતિહાસ છે. બે દાયકાના અંગ્રેજોના શાસનમાં અનેક મુદ્દાઓ ઉપર બ્રિટીશરો સાથે ભારતીયોએ ભારે જહેમત ઊઠાવી હતી. જેમાં એક મુદ્દો રવિવારની રજાનો પણ હતો. વર્ષ ૧૮૫૭નો વિપ્લવ કોણ ભૂલી શકે ? ૧૮૫૭ પછી બે અઢી દાયકાના કાળખંડ બાદ નારાયણ મેઘાજી લોખંડે નામના મરાઠી માનુષે રવિવારની રજા માટે અવાજ ઉઠાવ્યો. એ સમયમાં ભારત ઉપર અંગ્રેજોનું શાસન હતું. દિનપ્રતિદિન અંગ્રેજોના જુલ્મો વધી રહ્યાં હતાં. આ વખતે સૌથી દયનીય હાલત ભારતના શ્રમિકો, ગરીબો અને મજૂરોની હતી. એમને સપ્તાહના સાતેય દિવસ કાળી મજૂરી કરવી પડતી હતી. એક પણ દિવસની એમને રજા નહોતી મળતી. એનાથી પણ જાલિમ વાત તો એ હતી કે, એ સમયમાં શ્રમિકોને બપોરે ભોજન માટે પણ થોડો સમય રજા આપવામાં નહોતી આવતી.

આ બાજુ અંગ્રેજો દર રવિવારે ચર્ચમાં જઈને પ્રાર્થના કરતા. બધા ભેગા મળી રજા માણતા. મજૂરોને આવી કોઈ સવલત મળતી નહતી. નારાયણ મેઘાજી લોખંડેએ અંગ્રેજો સામે મિલ મજૂરો માટે સાપ્તાહિક રજાની વાત મુકી. રજાના પ્રસ્તાવમાં એમણે કહ્યું કે, સપ્તાહમાં છ દિવસ કામ કર્યા બાદ દેશ અને સમાજની સેવા માટેના કાર્યો કરવાનો એક દિવસ મળવો જોઈએ. લોખંડેએ એ પણ કહ્યું કે, હિન્દુ દેવતા ખંડોબાનો દિવસ રવિવાર છે. ઉપાસના માટે પણ રવિવારે સમય મળવો જ જોઈએ.

બ્રિટીશ અધિકારીઓએ એમની સ્ટાઈલ મુજબ પહેલા તો મેઘાજીના પ્રસ્તાવને ધરમૂળથી નકારી દીધો. પરંતુ હાર માને એ મેઘાજી શાના ? એમણે લાગ લગાટ સાત વર્ષ સુધી એમની લડત ચાલુ રાખી. ધારદાર રજુઆતો કરતા રહ્યાં. આખરે અંગ્રેજો ઝૂક્યા અને ૧૦ જૂન ૧૮૯૦ના રોજ બ્રિટીશ સરકારે ભારતમાં રવિવારને રજાનો દિવસ જાહેર કર્યો. મજૂર નેતા નારાયણ મેઘાજીની વાતનો સ્વીકાર થયો. એમના સન્માનમાં ભારત સરકારે ડાક ટીકીટ પણ જારી કરી.

હિન્દુ શાસ્ત્રો અને પંચાગકારોના મંતવ્ય અનુસાર સપ્તાહની શરૂઆત રવિવારના દિવસથી થાય છે. રવિ એટલે સૂર્ય. રવિવાર સૂર્ય નારાયણનો દિવસ કહેવાય. હિન્દુ પંડિતો કહે છે કે, રવિવારના દિવસે સૂર્ય દેવતા સહિત તમામ દેવી-દેવતાઓની આરાધના કરવી જોઈએ. સપ્તાહના પ્રથમ દિવસે પ્રાર્થના અને પૂજા કરવાથી આખું અઠવાડિયું ચિત્ત શાંત રહે અને આગામી સપ્તાહના દિવસોમાં કરવાના કાર્યોમાં કોઈ વિઘ્ન આવતું નથી. આ જ કારણે પુરાતન કાળથી રવિવારનો દિવસ રજાના દિવસ તરીકે સ્વિકૃતી પામ્યો છે.

હિન્દુ પંચાગથી બિલકુલ વિપરીત પરિભાષા અંગ્રેજી કેલેન્ડરે અંકિત કરી છે. અંગ્રેજો એવું માને છે કે, રવિવાર સપ્તાહનો પ્રથમ નહીં છેલ્લો દિવસ છે. પરમાત્માએ છ દિવસમાં સૃષ્ટીનું સર્જન કર્યુ અને એના પછી સાતમો દિવસ વિશ્રામ માટે સુનિશ્ચિત કર્યો એવી એમની માન્યતા હોય છે. પશ્ચિમના દેશો આ માન્યતાના આધારે રવિવારને સપ્તાહનો છેલ્લો દિવસ ગણી આરામ કરવા રજા ભોગવવાનો દિવસ ગણે છે. આને લીધે જ અંગ્રેજો રવિવારને 'વીક એન્ડ' પણ કહેતા જોવા મળે છે.

ISO-8601 અનુસાર સન-ડે સપ્તાહનો સાતમો અને છેલ્લો દિવસ ગણવામાં આવે છે. જગતમાં મોટાભાગના દેશોમાં સપ્તાહમાં એક દિવસ રજા રવિવારના દિવસે જ હોય છે. જો કે ઘણાખરા મુસ્લિમ રાષ્ટ્રોમાં શુક્રવારને ઈબાદત માટેનો પવિત્ર દિવસ માનવામાં આવતો હોઈ શુક્રવારની સાપ્તાહિક રજા હોય છે. વર્ષ ૧૮૪૪માં અંગ્રેજ ગવર્નર જનરલે વિદ્યાર્થીઓ માટે રવિવારને રજાના દિવસ તરીકે ઘોષિત કરતા જણાવ્યું હતું કે આ દિવસે વિદ્યાર્થીઓ કંઈક રચનાત્મક કાર્ય કરી પોતાનો વિકાસ કરી શકે છે.

હવે પ્રશ્ન એ થાય કે, શું રવિવાર રજાનો દિવસ મોડા ઉઠવા માટે છે કે પછી આળસુ થઈને પડ્યા રહીને ટી.વી. કે મોબાઈલ ગેમ રમવા માટે છે ? હોટલોમાં જવા માટે છે ? પીકચર જોવા માટે છે કે પછી મિત્રો સાથે ભેગા મળી પાર્ટી માટે છે ? મેઘાજી લોખંડેના અથાક પરિશ્રમ અને વૈચારિક સંઘર્ષો બાદ મળેલી મહામુલી સાપ્તાહિક રજા આળસમાં વેડફવા માટે નથી જ નથી. રવિવારનો દિવસ આગળ વધવા માટેનો ઊર્જાવાન દિવસ છે. અન્ય દિવસો દરમિયાન ન થઈ શકતા કાર્યોની યાદીમાંથી એક પછી એક મહત્ત્વના કાર્યો હાથ ઉપર લેવાનો દિવસ છે. કોઈપણ વ્યક્તિના ચારિત્ર્યનો સાચો ક્યાસ કાઢવો હોય તો તેણે છેલ્લા પાંચ રવિવાર કરેલા કાર્યોની યાદી તપાસવાથી મળી જશે. રવિવારે સવારે ઊઠીને રાત્રે સુવો ત્યાં સુધી શું કામ કર્યા એની યાદી ઉપરથી સ્વયં પોતાના વિશેનો અભિપ્રાય સ્પષ્ટ કરી શકાશે. રવિવાર તો ઊર્જાથી ઠસોઠસ ભરેલો 'રાજા' દિવસ છે. રવિવારના દિવસને પ્રગતિનો દિવસ બનાવવો પડે નહીં કે, આળસુવેડાથી અધોગતિનો દિવસ.

ધબકાર :

'આઓ, બેઠો કભી કિસી ઈતવાર કો, મૈં વૈસા હું, નહીં જૈસા મિલતા હું સોમવાર કો...'

- અજ્ઞાત